| | | | | | |
|---|---|---|---|---|---|
| GJGS070006412018 | सत्यमेव जयते | પ્રાપ્તિ તારીખ | ૦૭/૧૨/૨૦૧૮ | | |
| | | દાખલ તારીખ | ૦૭/૧૨/૨૦૧૮ | | |
| | | ફેંસલ તારીખ | ૨૫/૦૩/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | | | |

−:: નમૂનો − અ ::− આંક

## તાલાલાનાં મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબ શ્રી ની કોર્ટમાં, મુ.તાલાલા.

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૯/૧૨/૨૦૨૫ |
| ફો.કે.સંખ્યા | ૪૨૬/૨૦૧૮ |
| :: ગુનાની વિગત :: | |
| ગુનાની કલમ | નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ−૧૩૮, ૧૪૨ મુજબ |
| ગુના રજી. નંબર | ખાનગી ફરિયાદ |
| પોલીસ સ્ટેશન | ખાનગી ફરિયાદ |
| ફરિયાદી પક્ષ | અરજણભાઈ રાણાભાઈ વાળા,<br>ઉ.વ.આ.૪૮, ધંધો−ખેતી,<br>રહે.પીપળવા ગીર, તા.તાલાલા, જી.ગીર સોમનાથ. |
| ફરીયાદપક્ષે વિ.વકીલશ્રી | ડી.બી.વઢવાણા |
| આરોપી પક્ષ | ભીમસીભાઇ પુંજાભાઇ નંદાણીયા,<br>ઉ.વ.આ.૬૩, ધંધો−ખેતી,<br>રહે.હરીપુર, તા.મેંદરડા, જી.જુનાગઢ. |
| આરોપી પક્ષે વિ.વકીલશ્રી | આર.એસ.અપારનાથી |

−:: નમૂનો − બ ::−

| | |
|---|---|
| ગુનાની તારીખ | ખાનગી ફરીયાદ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ખાનગી ફરીયાદ |
| આખર અહેવાલની તારીખ | ખાનગી ફરીયાદ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૮/૦૨/૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૫/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૫/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ ( લાગુ પડે તો ) | ૨૫/૦૩/૨૦૨૬ |

−:: આરોપીની વિગત ::−

| આરોપી નો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ – ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભીમસીભાઇ પુંજાભાઇ નંદાણીયા | | ---- | ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮, ૧૪૨ મુજબ | તકસીર વાન | એક વર્ષ | --- |

–:: ચુ કા દો ::–

(૧.) **<u>કેસની ટુંકમા હકીકત</u> :–**

ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તાલાલા તાલુકાના પીપળવા ગીર ગામે રહે છે અને ખેતી કરે છે અને આ કામના આરોપી જુનાગઢ જીલ્લાના મેંદરડા તાલુકાના હરીપુર ગામે રહે છે અને ખેતી કરે છે. ફરીયાદીની માલીકીની ખેતીની જમીન મેંદરડા તાલુકાના હરીપુર ગામે ખેડ ખાતા નં.૧૪૨ સર્વે નં.૧૫૭/૩/પૈકી ર હેકટર ૧–ર૯–૫૦ વાળી આવેલી હતી, જે ફરીયાદીએ આ કામના આરોપીને રજી. વેચાણ દસ્તાવેજથી આપી દીધેલ છે અને આરોપીની માલીકીની ખેતીની જમીન તાલાલા તાલુકાના પીપળવા ગીર ગામે સર્વે નં.૧ર/પૈકી વાળી હેકટર ૧–૩૧–૩૧ વાળી આવેલી હતી. ફરીયાદી અને આરોપીએ આ જમીનો અરસ પરસ બદલો કરેલો છે. જેથી ફરીયાદીની જમીન આરોપીના નામે ચડી ગયેલી છે અને આરોપીની જમીન ફરીયાદીના નામે ચડાવવા બાબતે આરોપીએ વાંધા અરજી આપેલી હતી જે પાછળથી આરોપીએ પરત ખેંચી લીધેલ છે અને તેથી આ જમીન ફરીયાદીના નામે ચડી ગયેલ છે. આ જમીનોના અદલા બદલામાં ફરીયાદીના વડીલોપાર્જીત મકાનમાં ફરીયાદીનો અડધો હિસ્સો હોય જે અડધા હિસ્સાનુ મકાન હરીપુર ગામે આશરે ચો.મીટર ૬૭–૪૬ વાળુ ફરીયાદીએ આરોપીને જે તે સ્થિતિમાં કબજા સહિત રૂા.૫,૫૦,૦૦૦/– માં વેચાણ આપી તે અંગેનો કરાર આરોપી જોગ કરી આપેલ હતો તેમજ આરોપીના મકાન જે પીપળવા ગીર ગામે પેશકદમીમાં આવેલ હોય તે આરોપીએ ફરીયાદીને વેચાણ આપી કબજો ફરીયાદીને સોંપી આપેલ છે. આ રીતે આરોપી અને ફરીયાદીએ પરસ્પર જમીન તથા મકાનનો અદલો બદલો

કરેલો છે તેમજ આ સોદામાં આરોપીએ ફરીયાદીને ઉપરીયામણના રૂા.૧૦,૦૦,૦૦૦/– આપવાના થતા હતા જે પૈકી રૂા.૫,૦૦,૦૦૦/– જમીનના વેચાણ પેટે તથા રૂા.૫,૦૦,૦૦૦/– મકાનના વેચાણ પેટે ગણવાના હતા અને આ બંને સોદાની વિગતે આરોપીએ ફરીયાદીને બે ચેક સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની તાલાળા ગીર શાખાના આપેલા છે. જે પૈકી જમીનના સોદા પેટે આરોપીએ ફરીયાદીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની તાલાળા ગીર શાખાનો ચેક નં.૧૯૫૧૩૮ વાળો તા.૨૯/૦૯/૨૦૧૮ નો ફરીયાદીના નામ જોગ રકમ શબ્દો તથા આંકડામાં રૂા.૫,૦૦,૦૦૦/– નો આરોપીએ તૈયાર કરી તેની સાથે રહેલ તેમના મીત્ર પાસે તારીખ લખાવી અને નીચે આરોપીએ તેમની સહી કરીને ફરીયાદીને આપેલો હતો અને ત્યારે આરોપીએ ફરીયાદીને એવી ખાતરી અને વિશ્વાસ આપેલો કે આ ચેક મુદતે તમારા ખાતામાં રજુ કરી દેજો એટલે જમીનના સોદાની ઉપરીયામણની રકમ રૂા.૫,૦૦,૦૦૦/– તમોને વસુલ મળી જશે. જેથી ફરીયાદીએ આરોપીની કહેલી વાતમાં વિશ્વાસ રાખી અને ચેક મુજબની રકમ વસુલ મળી જશે તે આશાએ સદરહુ ચેક સ્વીકારેલો હતો. આરોપી અને ફરીયાદી વચ્ચે ઉપરોકત વિગતેની જમીન તથા મકાનના સોદા અંગે રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર્સ ઉપર કુલ ૪ લખાણો કરવામાં આવેલા છે, જેમાં પ્રથમ લખાણ તા.૧૧/૦૫/૨૦૧૫ ના રોજનુ કરવામાં આવેલુ અને બીજુ લખાણ રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર્સ ઉપર તા.૦૧/૧૨/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલુ અને ત્રીજુ અને ચોથુ બંને લખાણ તા.૨૬/૦૭/૨૦૧૭ ના રોજ રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર્સ ઉપર કરવામાં આવેલુ છે. આ ચારેય લખાણનો અભ્યાસ કરતા આરોપી મોટા ભેજાબાજ માણસ હોવાનુ સ્પષ્ટ થાય છે અને આ ચારેય લખાણો જોતા આરોપીએ ફરીયાદીને આ રકમ ચુકવવી ન પડે તે માટે દરેક લખાણોમાં જુદી જુદી પરસ્પર વિરોધાભાસી હકીકતો લખીને સમય પસાર કરતા આવેલા છે. આરોપીએ ફરીયાદીને ઉપરોકત વિગતેનો જે ચેક આપેલ છે તે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની તાલાળા ગીર શાખાનો ચેક નં.૧૯૫૧૩૮, તા.૨૯/૦૯/૨૦૧૮ નો અને ફરીયાદીના નામજોગનો રકમ રૂા.૫,૦૦,૦૦૦/– પુરાનો આરોપીએ સહી કરીને ફરીયાદીને આપેલ હતો અને તે ચેક ફરીયાદીએ તેમના સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકની તાલાળા ગીર શાખામાં આવેલ ખાતામાં વસુલાત માટે તા.૦૮/૧૦/૨૦૧૮ ના રોજ રજુ કરતા સદરહુ ચેક કલીયરીંગ થવા માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની તાલાળા ગીર શાખામાં રજુ કરતા સદરહુ ચેક "ફંડસ ઈનસફીશીયન્ટ" તથા "ડ્રોઅર સીગ્નેચર ઈનકમ્પલીટ" ના શેરાવાળા તા.૦૮/૧૦/૨૦૧૮ ના રીર્ટન મેમા સાથે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની તાલાળા ગીર શાખાએ ફરીયાદીની બેંક સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકની તાલાળા ગીર શાખાને પરત કરેલ છે. આમ, આરોપીનો ઈરાદો પ્રથમથી જ ફરીયાદીની આરોપી પાસે કાયદેસર નીકળતી લેણી નીકળતી જમીનના સોદા પેટેની ઉપરીયામણી રકમ રૂા.૫,૦૦,૦૦૦/– પુરા ડુબાડવાનો હોય તવુ ફરીયાદીને જણાયેલ છે. તેથી આરોપીને ફરીયાદીના વકીલશ્રી મારફત નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮–બી મુજબની નોટીસ તા.૧૬/૧૦/૨૦૧૮ ના રોજ

રજી.એ.ડી. તથા સાદી પોસ્ટથી આપવામાં આવેલી, જે નોટીસ આરોપીને તા.૨૬/૧૦/૨૦૧૮ ના રોજ બજી ગયેલ છે અને આરોપીએ તેના વકીલશ્રી મારફત ફરીયાદીની નોટીસનો ઉડાવ જવાબ તા.૨૬/૧૦/૨૦૧૮ ના રોજનો મોકલેલ છે અને આરોપીએ આજ દિન સુધી ફરીયાદીને ચેકની કોઇ રકમ વસુલ આપેલ નથી, જેથી હાલની ફરીયાદ દાખલ કરવાનુ કારણ ઉત્પન્ન થયેલ છે. જેથી હાલની ફરીયાદ આરોપી વિરૂધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮, ૧૪૨ મુજબ રજુ કરી, આરોપીને પકડી મંગાવી કાયદા મુજબની બે વર્ષની સખત કેદની સજા કરવા તેમજ આરોપીને ચેકની રકમના બે પટનો દંડ કરવા અને તેમાંથી ફરીયાદીની રકમ વસુલ અપાવવા અરજ કરેલ છે.

(૨.) <u>ન્યાયિક કાર્યવાહી:</u>

આ કામે ફરિયાદીની સદર ફરિયાદ રજીસ્ટરે દાખલ કરી, ક્રી.પ્રો.કોડની કલમ– ૨૦૪ અન્વયે આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલ, જે સમન્સ આરોપીને બજતાં તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થતાં ક્રી.પ્રો.કોડની કલમ– ૨૦૭ અન્વયે ફરીયાદ તથા તેની સાથે રજુ તમામ દસ્તાવેજોની નકલો વિનામુલ્યે આરોપીને પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપીની ક્રી.પ્રો.કોડની કલમ–૨૫૧ હેઠળ **આંક–૧૫** થી પ્લી નોંધી ગુના અંગે પુછતા તેઓએ ગુનાનો ઈન્કાર કરેલો અને ન્યાયિક કાર્યવાહીની માંગણી કરતાં ફરીયાદપક્ષાનો પુરાવો રજુ કરવા સુચના આપવામાં આવેલ.

(૩.) ત્યારબાદ, ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–

:: નમૂનો – ક ::

ફરિયાદીના સાક્ષીની યાદી

| ફોર્મ–સી | | | |
|---|---|---|---|
| ફરિયાદ પક્ષ ના સાહેદો | | | |
| ક્રમ. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
| ૧. | ૩૭ | અરજણભાઇ રાણાભાઇ વાળાનુ સરતપાસનુ સોગંદનામુ | ફરીયાદી |

ફરિયાદીના આંકની યાદી

<u>ફરિયાદપક્ષ ના આંકે પાડેલા પુરાવાની વિગત ::–</u>

| અ . નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાનો ચેક નં.૧૯૫૧૩૮ | ૩૯ |
| ૨. | ચેક પરત થયાનો રીટર્ન મેમો | ૪૦ |
| ૩. | આરોપીને વકીલ મારફત આપેલ નોટીસ | ૪૧ |
| ૪. | નોટીસ એ.ડી. કર્યાની પોસ્ટ ખાતાની રસીદ | ૪૨ |
| ૫. | નોટીસ બજેલાની એકનોલેજમેન્ટ | ૪૩ |
| ૬. | નોટીસનો જવાબ | ૪૪ |
| ૭. | સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાના ડયુ સર્ટીફીકેટની ખરી નકલ | ૫૫ |
| ૮. | કબજા સાથેનો મકાન વેચાણ અંગેનો કરાર | ૬૯ |

આમ ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ફરીયાદ પક્ષ તરફે રજુ થયા બાદ આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઈ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોવા અંગે કલોઝિંગ પુરસીસ **આંક–૫૫** થી રજૂ રાખેલ છે.

(૩.૧) ત્યારબાદ, આરોપી પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરેલ છે:–

બચાવપક્ષેના સાક્ષીની યાદી

| ફોર્મ–સી | | | |
|---|---|---|---|
| આરોપી પક્ષ ના સાહેદો | | | |
| ક્રમ. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
| ૧. | ૫૮ | ભીમશીભાઇ પુંજાભાઇ નંદાણીયાનુ સરતપાસનુ સોગંદનામુ | આરોપી |
| ૨. | ૬૨ | નાનજીભાઇ શામજીભાઇ કમાણીનુ સરતપાસનુ સોગંદનામુ | સાહેદ |
| ૩. | ૬૩ | જગમાલભાઇ હમીરભાઇ નંદાણીયાનુ સરતપાસનુ સોગંદનામુ | સાહેદ |

આમ ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો આરોપી પક્ષ તરફે રજુ થયા બાદ આ સિવાય આરોપીપક્ષે અન્ય કોઈ વધુ પુરાવો રજુ રાખેલ નથી.

(૪.) <u>ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ – ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન :</u>

ત્યાર બાદ ફરીયાદપક્ષનો પુરાવો પૂર્ણ થતાં, આરોપીને ફરીયાદ પક્ષના પુરાવામાં આવતી, તેઓ વિરુધ્ધની દરેક હકીકતો તથા સંજોગો સમજાવવામાં આવેલ અને આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં ફરીયાદ અનુસંધાને રજુ થયેલ પુરાવાના મોટા ભાગના પ્રશ્નોનો જવાબ, આરોપીએ

ઈન્કાર સ્વરૂપમાં આપી, વિશેષમાં એવું જણાવેલ છે કે, અમારી વિરૂધ્ધ ખોટો કેસ કરેલ છે, અમો નિર્દોષ છીએ.

(૫.) <u>ફરિયાદ પક્ષે તથા બચાવ પક્ષે વિ.વ.શ્રીની દલીલો :</u>

(૫.૧) ત્યાર બાદ આ કામ બંન્ને પક્ષની દલીલો માટે રાખવામાં આવતાં, પક્ષકારો તર્ફે તેમના વિ.વકીલશ્રીઓ દ્વારા કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

ફરીયાદ પક્ષ દ્વારા વિ.વ.શ્રી નાઓએ તેમની મૌખિક દલીલમાં જણાવેલ છે કે, ફરિયાદી એ નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ-૧૩૮ મુજબ ના તમામ તત્વો સાબિત કરેલ છે અને કાયદેસર ની લેણી રકમ પેટે આરોપી એ ફરિયાદી ને આપેલ ચેક પરત ફરેલ છે. વધુમાં ફરીયાદીની જમીન અને આરોપીની જમીનની અદલાબદલી કરવામાં આવેલ છે. વધુમાં ફરીયાદીનુ મકાન તેમના પિતાના નામે હોય, જેથી એન્ટ્રીમાં વાર લાગે તેમ હોય જેથી અદલાબદલી ઉપરના ૧૬ લાખ અને લખાણ થયુ તેને આંકે પાડેલ નથી. વધુમાં ફરીયાદપક્ષ દ્વારા ૫-૫ લાખના બે કેસ કરવામાં આવેલા છે. વધુમાં જે નો ડયુ બાકી હતુ તે પણ આપેલ છે તેમજ કબજો એકબીજાને સોંપેલો, પરંતુ મકાન હજી ફરીયાદીના પિતાના નામે ચાલે છે. વધુમાં સદર હકીકતનો આરોપીએ પોતાની જુબાનીમાં સ્વીકાર કરેલ છે. વધુમાં ફરીયાદપક્ષનુ કાયદેસરનુ લેણુ છે કારણ કે કબજો હાલ આરોપી પાસે છે. વધુમાં લખાણમાં સીકયુરીટી પેટે ચેક આપેલાનુ જણાવેલ છે. આમ ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલ હકીકતોને સોગંદ ઉપરના પુરાવા તથા દસ્તાવેજી પુરાવાથી સમર્થન આપી આરોપી સામેનો કેસ સાબીત કરેલ હોય જેથી આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૩૮ અન્વયે તકસીરવાન ઠરાવી યોગ્યતે સજા કરવા માટેની રજુઆત કરેલ છે. ત્યારબાદ સદર કામ આરોપી તરફે દલીલો માટે રાખવામાં આવે છે.

(૫.૨) આરોપી ના વિ.વ.શ્રી એ દલીલો કરેલ છે કે, આ કામે કરાર ફરીયાદી દ્વારા કબુલ રાખવામાં આવેલ છે. વધુમાં કરાર મુજબ ટાઇટલ કલીયર કરીને આપવાનો હતો પરંતુ તેવુ કરેલ નથી. વધુમાં ફરીયાદી પર જમીનનુ લેણુ હતુ. વધુમાં આરોપીને નોટીસ આપી છે કે વ્યવહાર પુરો કરી ચેક સીકયુરીટી પેટે આપેલ. વધુમાં ફરીયાદી કરારનુ પાલન કરે તો જ ચેક આપવાની વાત હતી, પરંતુ ફરીયાદી દ્વારા કરારનુ પાલન કરેલ નથી અને આજ દિન સુધી ફરીયાદીએ મિલ્કત પોતાના નામે કરેલ નથી. વધુમાં ફરીયાદીએ ચાલુ કેસમાં નો ડયુ આપેલ છે. વધુમાં ફરીયાદીએ કરાર મુજબની શરતોનો પોતાની ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે. વધુમાં આરોપીને કરારના પાલન માટેની નોટીસ આપેલ છે તેને આંક પડેલ છે. વધુમાં ફરીયાદપક્ષ કાયદેસરનુ લેણુ પુરવાર કરી શકેલ નથી. જેથી આ કામે આરોપીને ધી

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે ના ગુના માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.

(૬.) ક્રિમિનલ પ્રોસીજર કોડ ની કલમ –૩૫૪(૧) (બી) મુજબ પોઈન્ટ ફોર ડિટેરમીનેશન:

(૧) શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણી પેટે ફરીયાદીને ચેક નં.૧૯૫૧૩૮ નો તા.૨૯/૦૯/૨૦૧૮ નો સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, તાલાલા ગીર શાખા નો આપેલ જે ચેક ફરીયાદીએ પોતાના બેંક ખાતામાં રજુ કરતાં ''ફંડસ ઇનસફીશયન્ટ'' તથા "ડ્રોઅર સીગ્નેચર ઇનકમ્પલીટ" ના શેરા સાથે વગર સ્વીકારાયે પરત ફરતાં ફરીયાદીએ નિયત સમય મર્યાદામાં આરોપીને નોટીસ મોકલેલી જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવાં છતાં આરોપીએ ચેકના નાણાં ફરીયાદીને ન ચુકવી આપી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮, ૧૪૨ મુજબનો શિક્ષાાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭.) ઉપરોકત મુદાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ

ઉપરોકત જવાબોના મારા કારણો નીચે મુજબ છે.

:: કારણો ::

મુદ્દા નં–૧:

(૮.) પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલાં અત્રે એ હકીકતનો ઉલ્લેખ કરવો જરુરી છે કે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ– ૧૩૮ અન્વયેની દંડનાત્મક જોગવાઈ દેશમાં બેંક દ્વારા થતાં નાણાંકીય વ્યવહારોની વિશ્વસનીયતાને મજબુતી આપવા માટે કરવામાં આવેલી છે. સામાન્ય રીતે મજકુર અધિનિયમ હેઠળના ઉપરોકત ગુનામાં ગુનાનો આધાર મુખ્યત્વે દસ્તાવેજી પુરાવા ઉપર અવલંબે છે. નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામ.વડી અદાલતે તેમના વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ છે કે જયારે ચેક

માની સહી આરોપીની હોવાનું પુરવાર થાય ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ અન્વયેનું અનુમાન કરવાનું રહે. સદરહુ કાયદાની કલમ ૧૩૯ હેઠળની જોગવાઈ મુજબ જયાં સુધી વિરૂધ્ધની હકીકતો સાબીત કરવામાં ન આવે ત્યાં સુધી ચેકના ધારણકર્તાને આવો ચેક કોઈ દેવાં અથવા અન્ય જવાબદારીની અદાયગી પેટે આપવામાં આવેલ છે તેવુ અનુમાન કરવાનું ઠરાવેલ છે. અલબત્ત, આથી વિરૂધ્ધનો ખંડનાત્મક પુરાવો આરોપી રજુ કરી શકે છે. સદરહું અનુમાનનું ખંડન કરવાની આરોપીપક્ષની જવાબદારી, ફરીયાદપક્ષની જવાબદારીની જેમ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવાની રહેતી નથી, પરંતુ શકયતાની પ્રબળતાના આધારે કરવાની રહે છે અને સદરહું શકયતાની પ્રબળતા એક ડહાપણભરી સામાન્ય બુધ્ધિથી, તેવી શકયતા માની શકાય તેમ છે કે માની શકાય તેમ નથી, તેના આધારે મુલ્યાંકન કરવાનું રહે છે. પરંતુ આવો પુરાવો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ હેઠળના કાનુની અનુમાનને વાજબી અને પ્રતિતિજન્ય રીતે ખંડિત કરી શકેલ છે કે કેમ તેવી બાબતો પ્રત્યેક કેસમાં રજુ થયેલ પુરાવાની વિગતો ઉપર અવલંબે છે. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ અધિનિયમની કલમ ૧૩૯ હેઠળનુ અનુમાન તે હકીકતોનુ નહીં, પરંતુ કાયદાનું અનુમાન છે અને આથી જ કાયદાના આવા અનુમાનનુ ખંડન સંતોષકારક એવી હકીકતોથી પ્રતિપક્ષ કરી શકે નહી તો કલમ ૧૩૯ હેઠળનું કાનુની અનુમાન ફરીયાદપક્ષની તરફેણમાં આખરી અને નિર્ણાયક બની રહે છે. પરંતુ જો આરોપી આ અનુમાનનું ખંડન કરી શકે છે તો, તેવા સંજોગોમાં ફરીયાદી ઉપર આરોપી વિરૂધ્ધ તેવી લેણી રકમ નીકળતી હતી તે હકીકત વાજબી શંકાથી પર હોય તે મુજબ પુરવાર કરવાની જવાબદારી આવી પડે છે અને તે પુરવાર કરવામાં ફરીયાદી સફળ થાય છે કે નહી, તેના આધારે ફરીયાદનો અંતિમ નિર્ણય લેવાનો રહેતો હોય છે. આ કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળના અનુમાનો જોવામાં આવે તો નીચે મુજબ છે.

*Section 118. Presumptions as to negotiable instruments.*

*Until the contrary is proved, the following presumptions shall be made:*

*(a) of consideration. that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, endorsed, negotiated or transferred, was accepted, endorsed, negotiated or transferred for consideration;*

*(b) as to date. that every negotiable instrument bearing a date was made or drawn on such date;*
*(c) as to time of acceptance. that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;*
*(d) as to time of transfer. that every transfer of a negotiable instrument was made before its maturity;*
*(e) as to order of endorsements. that the endorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;*
*(f) as to stamps .that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;*
*(g) that holder is a holder in due course. that the holder of a negotiable instrument is a holder in due course:*

*Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.*

*Section 139. Presumption in favour of holder.*
*It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.*

(૯.) વધુમાં, આ તબક્કે નામ.સુપ્રીમ કોર્ટ દ્વારા Kumar Export Vs. Sharma Carpets (2009) SCC 513 ના ચુકાદા માં નીચે મુજબ ના સિદ્ધાંતો પ્રતિપાદિત કરેલ છે.

..

- Kumar Export Vs. Sharma Carpets (2009) SCC 513

20. The accused in a trial under Section 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non−existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the non−existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non−existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arising under Sections 118 and 139 of the Act.

21. The accused has also an option to prove the non−existence of consideration and debt or liability

either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once such rebuttal evidence is adduced and accepted by the court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant and, thereafter, the presumptions under Sections 118 and 139 of the Act will not again come to the complainant's rescue.

(૧૦.) વધુમાં, તાજેતરમાં નામ.સુપ્રીમ કોર્ટ ની બેન્ચે Triyambak S. Hegde Vs. Sripad,Criminal Appeal Nos. 849-850 of 2011, Dtd. 23/09/2021 ના રોજ ચુકાદો આપેલ છે,જે ચુકાદા ના પૅરેગ્રાફ નં.૧૧,૧૨,૧૩ માં કાયદા ની કલમ–૧૧૮ અને ૧૩૯ અંગે નીચે મુજબ ની ચર્ચા કરેલ છે.

- Triyambak S. Hegde Vs. Sripad,Criminal Appeal Nos. 849–850 of 2011, Dtd. 23/09/2021

  11. From the facts arising in this case and the nature of the rival contentions, the record would disclose that the signature on the documents at Exhibits P6 and P2 is not disputed. Exhibit P2 is the dishonoured cheque based on which the complaint was filed. From the evidence tendered before the JMFC, it is clear that the respondent has not disputed the signature on the cheque. If that be the position, as noted by the courts below a presumption would arise under Section 139 in favour of the appellant who was the holder of the cheque. Section 139 of the N.I. Act reads as hereunder:

  "139. Presumption in favour of holder It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability."

  12. Insofar as the payment of the amount by the appellant in the context of the cheque having been signed by the respondent, the presumption for passing of the consideration would arise as provided under Section 118(a) of N.I. Act which reads as hereunder:

  "118. Presumptions as to negotiable instruments – Until the contrary is proved, the following

presumptions shall be made: (a) of consideration – that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration."
13. The above noted provisions are explicit to the effect that such presumption would remain, until the contrary is proved. The learned counsel for the appellant in that regard has relied on the decision of this court in K. Bhaskaran vs. Sankaran Vaidhyan Balan & Anr.(1999) 7 SCC 510 wherein it is held as hereunder:

"9. As the signature in the cheque is admitted to be that of the accused, the presumption envisaged in Section 118 of the Act can legally be inferred that the cheque was made or drawn for consideration on the date which the cheque bears. Section 139 of the Act enjoins on the Court to presume that the holder of the cheque received it for the discharge of any debt or liability. The burden was on the accused to rebut the aforesaid presumption. The Trial Court was not persuaded to rely on the interested testimony of DW1 to rebut the presumption. The said finding was upheld by the High Court. It is not now open to the accused to contend differently on that aspect."

(૧૧.) આમ, ઉપરોક્ત ચુકાદાઓ માં નામદાર સર્વોચ્ચ અદાલતે સુસ્થાપિત કરેલ સિદ્ધાંતો તેમજ કાયદાકીય જોગવાઇ તથા હાથ ઉપર ના કેસની હકીકતો અને સંજોગોને નજર સમક્ષ રાખીને રેકોર્ડ ઉપર આવેલા પુરાવાનું સમગ્ર તથા વિશ્લેષણ કરવામાં આવે તો,ફરિયાદી એ તેમનો કેસ પુરવાર કરવા માટે આંક–૩ ના લિસ્ટ થી જે દસ્તાવેજો રજૂ કરવામાં આવેલ છે તે જોવા માં આવે તો **આંક–૩૯** થી આરોપી એ ફરિયાદી ને લખી આપેલ અસલ તકરારી ચેક છે. **આંક–૪૦** થી આરોપી એ ફરિયાદી ને લખી આપેલ તકરારી ચેકો નો રિટર્ન મેમો છે. **આંક–૪૧** થી ફરિયાદી એ આરોપી ને આપેલ ડિમાન્ડ નોટિસની કોપી છે. **આંક–૪૨** થી નોટીસની રજી.એ.ડી. પહોંચ છે. **આંક–૪૩** થી નોટીસ બજેલાની પહોંચ છે. **આંક–૪૪** થી આરોપીએ તેના વકીલ મારફત મોકલેલ નોટીસનો જવાબ છે. **આંક–૫૫** થી સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા, તાલાલા શાખાના નો ડયુ સર્ટીફીકેટની ખરી નકલ રજુ છે. **આંક–૬૯** થી કબજા સાથેનો મકાન વેચાણ અંગેનો કરાર રજુ છે. ફરિયાદીએ પો–તાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૩૭** થી સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે જેમાં ફરી–

યાદીએ ફરીયાદમાં જણાવેલ તમામ હકીકતો સરતપાસમાં અક્ષર સહ: જણાવેલ છે. જેથી તેનું અત્રે પુનરાવર્તન કરવામાં આવતું નથી.

(૧૧.૧) ત્યાર બાદ આરોપીના વિ.વ.શ્રીએ ફરિયાદી ની ઊલટ તપાસ કરેલ છે.જે ઊલટ તપાસ નો આ તબક્કે કેસ ના ન્યાયિક નિર્ણય હેતુ ઉલ્લેખ કરવો જરૂરી છે.જે ઊલટ તપાસ જોવામાં આવે તો ફરિયાદીએ મુખ્યત્વે તેમાં એવી હકીકત જણાવેલ છે કે, "આરોપી ભીમશીભાઇ પુંજાભાઇ નંદાણીયાને હું આઠ વર્ષથી ઓળખુ છુ. આરોપીને મારા કાકાની બાજુની જમીન છે જેથી હું એમને ઓળખુ છુ. હું નાનપણથી જ આરોપીને ઓળખુ છુ. આરોપી સાથે મારે જમીન તથા મકાન અદલા બદલીનો વ્યવહાર થયેલો. આરોપીને મેં મારી ખેતીની જમીન જેના સર્વે નં.૧૫૭ પૈકી ૩ વેચાણ કરેલી. અમોએ આરોપી પાસેથી ખાતા નં.૪૪૪ વાળી જમીન વેચાણ માટે લીધેલ છે. એ વાત ખરી છે કે, આરોપીને મારા ભાઇ કાના રાણાની જમીન તથા મારી જમીન આરોપીને વેચાણથી આપવાનો કરાર કરેલ છે તેવી જ રીતે આરોપીની જમીન વેચાણથી રાખવાનો ફરીયાદીએ કરાર કરેલો છે. એ વાત ખરી છે કે, આ જમીનના વેચાણ અદલાબદલીના કરાર અમોએ રાજીખુશીથી કરેલ. એવી જ રીતે આ અદલાબદલીના કરારમાં મારી મિલ્કતનુ હરીપુર મુકામે આવેલ મકાન આરોપીને વેચા–ણથી આપવાનો કરાર કરેલ છે. એ વાત ખરી છે કે, આ કરાર અમોએ સને–૨૦૧૫ માં કરેલ. એ વાત ખરી છે કે, આ કરાર મુજબ મારે ખેતીની જમીનનો દસ્તાવેજ આરોપીને કરી આપવાનો હતો અને આરોપીએ ખેતીની જમીનનો દસ્તાવેજ અમો ફરીયાદીને કરી આપવા–નો હતો અને આરોપીએ ખેતીની જમીનનો દસ્તાવેજ અમો ફરીયાદીને કરી આપવાનો હતો. એ વાત ખરી છે કે, મારી માલીકીના મકાનનો દસ્તાવેજ મારે આરોપીને કરી આપવાનો હતો અને આ કરાર વખતે આરોપીએ ફરીયાદીને બે ચેક આપેલા હતા. એ વાત ખરી છે કે, આંક–૩૯ વાળા ચેકમાં ચેકની તારીખ અંગ્રેજી આંકડામાં લખાયેલ છે બાકી બધી વિગત ગુજરાતીમાં લખાયેલ છે. મને માર્ક–૩/૭ નો અદલા બદલીનો ઘરમેળેનો કરાર બતાવવામાં આવે છે આ કરારમાં પક્ષકાર તરીકે મારી તથા મારા ભાઇ કાના રાણાની તથા આરોપીની સહી છે તથા સાક્ષીઓની સહી છે. એ વાત ખરી છે કે, આ કરાર અમારી રાજીખુશીથી કરેલ છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, આ અસલ કરાર આરોપી પાસે છે. એ જ રીતે માર્ક–૩/૮ થી ૩/૧૦ સુધીના કરારો અમારી રાજીખુશીથી કરવામાં આવેલ છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, આ અસલ કરાર આરોપી પાસે છે. મને માર્ક–૩/૯ નો કરાર બતાવવામાં આવે છે તેમાં ચેક નં.૧૯૫૧૩૮ વાળો તા.૦૫/૧૧/૨૦૧૭ ના રોજ આરોપીએ અમોને આપેલ હોવાનુ લખાયેલ છે. મને માર્ક–૩/૧૦ બતાવવામાં આવે છે, તેમાં ચેક નં.૧૯–૫૧૩૯ વાળો તા.૨૫/૧૧/૨૦૧૭ ના રોજનો લખાયેલ છે આ ચેક આરોપીએ મને આપેલ હોવાનુ લખાયેલ છે. એ વાત ખરી છે કે, આ કરારનુ પાલન થાય પછી આરોપીએ મને ૧૦,૦૦,૦૦૦/– આપવાના હતા. એ વાત ખરી છે કે, હું ફરીયાદી તથા આરોપી ભીમ–શીભાઇ તથા મારા ભાઇ કાનાભાઇ રાણાભાઇ વચ્ચે મિલ્કત, મકાન તથા જમીનની અદલા

બદલીના કરાર થયેલા. એ વાત ખરી છે કે, આ કરાર મેં આ કામે માર્ક–૩/૭ થી માર્ક–૩/૧૨ સુધી રજુ કરેલા છે. એ વાત ખરી છે કે, આ કરાર મને, આરોપીને તથા મારા ભાઇ કાનાભાઇ રાણાભાઈને બંધનકર્તા છે. એ વાત ખરી છે કે, મારે આરોપીને નો ડયુ સર્ટીફીકેટ બેન્કમાંથી મેળવી આરોપીને આપવાનુ હતુ તે આજ દિન સુધી મેં આપેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, મેં આપવાની ના પાડેલ નથી. એ વાત ખરી છે કે, ગામ નમુના નં.ર માં મારા પિતાશ્રીનુ નામ છે અને આ મિલ્કત તેમના નામે છે. મારા પિતાશ્રી હયાત નથી અને વારસોના નામ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે. મારા પિતાશ્રી ૩૦ વર્ષ પહેલા અવસાન પામેલ છે. એ વાત ખરી છે કે, આ કામે મેં વાદગ્રસ્ત ચેક રજુ કરેલ છે તેના ચેક નંબરની મને ખબર નથી. આ કામે રજુ કરેલ ચેક કઇ તારીખે મેં બેન્કમાં રજુ કરેલ તથા આ ચેક કઇ તારીખે રીટર્ન થયેલો તે મને હાલ યાદ નથી તેમજ આ કામે રજુ કરેલ આરોપીને મારા વકીલ મારફત આપેલ નોટીસ કઇ તારીખે આપેલ તે મને હાલ યાદ નથી તેમજ આરોપીને કઇ તારીખે બજેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, હાલની ફરીયાદ કઇ તારીખે મેં કરેલ છે તે પણ મને હાલ યાદ નથી. એ વાત ખરી છે કે, ચેક મેં આરોપી સાથે કરાર કરેલ ત્યારે આરોપીએ મને આપેલા." ફરીયાદીએ તેમની આ જુબાનીના સમર્થનમાં આં ક–૩૯ થી તકરારી ચેક રજુ કરેલ છે. ફરીયાદીની આરોપી તરફે કરવામાં આવેલી ઉલટતપાસ જોતાં તેમજ આરોપી એ ક્રિ.પ્રો.કોડ ની કલમ ૩૧૩ અન્વયે આપેલ વિશેષ નિવેદન જોતાં આં ક–૩૯ વાળા તકરારી ચેકમાં આરોપીની સહી ના હોવાની કોઈ તકરાર આરોપી તરફે લેવામાં આવેલી નથી. આમ, તકરારી ચેકમાં આરોપીની સહી હોવાનું જણાઈ આવે છે. આમ, એ હકીકત પુરવાર થાય છે કે આરોપી ધ્વારા નિભાવવા માં આવતાં ખાતાનો, આંક–૩૯ વાળા તકરારી ચેક માં આરોપી ની સહી છે અને તે આરોપીએ ફરીયાદી ને આપેલો ચેક છે.

(૧૧.૨) *<u>૨૦૦૮ ડી. સી. આર. (ગુજ.) ૧૮૮ ઉપર પ્રસિધ્ધ થયેલ ''સતીશ જયંતીલાલ શાહ વિરુધ્ધ પંકજ મશરુવાળા અને બીજા'' ના ચુકાદામાં તેમજ ૨૦૧૦ ક્રી. લો. જ. ૨૮૭૧ ઉપર પ્રસિધ્ધ થયેલ ''રંગપ્પા વિ. મોહન'' ના ચુકાદામાં</u>* <u>નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ તકરારી ચેકમાં આરોપીની સહી હોવાનું પુરવાર થતું હોય તો ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ તકરારી ચેક કાયદેસર રીતે વસુલ કરાવી શકાય તેવા લેણાં ની ચુકવણી પેટે જ આપવામાં આવેલ હોવાનું અનુમાન કરવાનું રહે અને તેથી જયાં સુધી વિરૂધ્ધનું પુરવાર કરવામાં ના આવે ત્યાં સુધી આ ચેક ફરીયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮માં જણાવ્યા મુજબ કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારી માટે મેળવ્યો હતો તેમ અનુમાન થાય.</u> તેમજ નામદાર સુપ્રિમ

કોર્ટ ધ્વારા *મે.એમ.એમ.ટી.સી. લીમીટેડ દેન્ડ અધર્સ વિ. મેડચલ કેમીકલ એન્ડ ફાર્મા (પ્રા) લીમીટેડ, (૨૦૦૨) ૧ એસ.સી.સી. ૨૩૪* ના ચુકાદા મા પેરા ૧૯ મા જણાવેલ છે કે

- "... The authority shows that even when the cheque is dishonoured by reason of stop payment instruction, by virtue of Section 139 the Court has to presume that the cheque was received by the holder for the discharge in whole or in part, of any debt or liability. Of course this is a rebuttable presumption. The accused can thus show that the `stop payment' instructions were not issued because of insufficiency or paucity of funds. If the accused shows that in his account there was sufficient funds to clear the amount of the cheque at the time of presentation of the cheque for encashment at the drawer bank and that the stop payment notice had been issued because of other valid causes including that there was no existing debt or liability at the time of presentation of cheque for encashment, then offence under Section 138 would not be made out. The important thing is that the burden of so proving would be on the accused. ..."

સદરહુ ચુકાદો વંચાણે લેતા તેમાં નામદાર સુપ્રિમકોર્ટ ધ્વારા સ્પષ્ટપણે જણાવેલ છે કે આરોપીની સહીવાળો ચેક દેવા પેટે આપેલ ન હતો તે પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે હોય છે. હાલના કેસમાં તકરારી ચેકમાં આરોપીની સહી હોવાનું પુરવાર થતું હોય ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબનું અનુમાન કરવાનું રહે છે. જેથી આંક–૩૯ વાળો તકરારી ચેક આરોપીએ તેના કાયદેસરના દેવા/જવાબદારી પેટે ફરીયાદીને આપેલ હોવાનું અનુમાન કરવાનું રહે છે. એટલે કે, તકરારી ચેક ફરીયાદીના કાયદેસર રીતે વસુલ કરાવી શકાય તેવા કાયદેસરના લેણાંની ચુકવણી પેટે જ આરોપી ધ્વારા આપવામાં આવેલ હોવાનું અનુમાન કરવાનું રહે છે.

(૧૧.૩) આ કામે બચાવપક્ષ તર્ફે આ કામના આરોપી ભીમશીભાઇ પુંજા–ભાઇ નંદાણીયાએ આંક–૫૮ થી પોતાનુ સરતપાસનુ સોગંદનામુ રજુ રાખેલ છે. જેમાં તે–ઓએ એવી હકીકત જણાવેલ છે કે, ફરીયાદમાં લખેલ હકીકત મુજબ તેઓએ ફરીયાદીને કોઇ રકમ ચુકવવાની હતી નહી કે સદરહુ રકમની ચુકવણી માટે તેઓએ વાદ વાળો ચેક

ફરીયાદીને આપેલ ન હતો. ફરીયાદીના કહેવા મુજબની કોઇ એક મુજબની લેણી રકમ તે–ઓની પાસે નીકળતી નથી તેમજ ફરીયાદીએ ચેકનો ખોટી રીતે તેઓ બંને વચ્ચે થયેલ કરારની શરતોનુ ઉલ્લંઘન કરી ચેકનો દુરઉપયોગ કરી હાલની ફરીયાદ હકીકત દાખલ કરેલ છે. તેઓએ અને ફરીયાદીએ જમીનનો અદલો બદલો કરેલ છે. તેઓએ ફરીયાદીને તેઓની માલીકીની ખેતીની જમીન પીપળવા ગામે ખેડ ખાતા નં.૩૨૫, રે.સ.નં.૧૨ પૈકી ૧ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧–૧૩–૩૧ વાળી જમીન ફરીયાદીને વેચાણથી આપવાનો તથા ફરીયા–દીએ તેની માલીકી અને કબજા ભોગવટા વાળી ખેતીની જમીન મેંદરડા તાલુકાના હરીપુર ગામે આવેલ ખેડ ખાતા નં.૧૪૨, રે.સ.નં.૧૫૭/પી–૨, ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧–૨૯–૫૦ વાળી જમીનનો અદલો બદલો કરેલ છે અને તે અંગેનો અદલા બદલાનો દસ્તાવેજ કરી આપેલ છે. ફરીયાદીના પિતાશ્રીના નામે મેંદરડા તાલુકાના હરીપુર ગામે આવેલ મકાન અવેજ રૂા.૫,૦૦,૦૦૦/– પુરામાં વેચાણ આપવા કરાર કરેલ છે અને કબજો તેઓને સોંપી આપેલ છે, પરંતુ સાટાકરારની શરત મુજબ ફરીયાદીએ તેઓને સદરહુ મકાન ટાઇટલ કલી–યર કરી તેઓના નામે પાકો વેચાણ દસ્તાવેજ કરી આપે ત્યારે તેઓએ ફરીયાદીને તે રકમ ચુકવવાની હતી અને જેના બદલામાં તેઓએ ફરીયાદીને સેફટી માટેનો વાદ વાળો ચેક આપેલ હતો અને જે શરતોનુ ફરીયાદીએ આજ દિન સુધી પાલન કરેલ નથી અને શરતનો ભંગ કરી ચેક તેઓની સુચના વિના અને સંમતિ વિના બેન્કમાં રજુ કરી રીટર્ન કરાવી હાલની ખોટી ફરીયાદ દાખલ કરેલ છે. આ કામમાં ફરીયાદીના ભાઇ કાનાભાઇ રાણાભાઇ વાળા વાળી જમીનનો વેચાણ દસ્તાવેજ તેઓના નામે કરી આપેલ છે, પરંતુ કરારની શરતો મુજબ આજ દિન સુધી સદરહુ જમીન ઉપર આવેલ બોજો રદ કરાવી બોજામુકિત કરાવેલ નથી અને સદરહુ જમીન બોજા મુકિત કરી તેઓના નામે જમીન થાય એટલે તેઓએ ફરીયાદીને સદરહુ રકમ ચુકવવાની હતી પરંતુ ફરીયાદીએ આવી કોઇ તસ્દી લીધા વિના કરારની શરતોનો ભંગ કરી તેઓની સંમતિ વિના વાદ વાળો ચેક કે જે સેફટી પેટે આપેલ હતો તેનો દુરઉપયોગ કરી હાલની ફરીયાદ દાખલ કરેલ છે. આ કામમાં ફરીયાદી કરારની શરતોનુ પાલન ન કરતા હોય જેથી તેઓએ તેમના વકીલશ્રી મારફત આ કામના ફરીયાદીને તા.૨૪/૧૦/૨૦૧૭ ના રોજ રજી.એ.ડી. પત્રથી ફરીયાદીને લીગલ નોટીસ આપેલી.

વધુમાં આરોપીની ફરીયાદપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં આરોપીએ એવી હકીકત જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, આરોપી અને ફરીયાદીએ જમીનનો તથા મકાનનો અદલો બદલો કરેલ છે. એ વાત ખરી છે કે, અમો આરોપીની પીપળવા ગામની જમીન ફરીયાદીને આપેલ અને ફરીયાદીની હરીપુર ગામની જમીન અમો આરોપીને વેચાણ આપેલ તે મુજબ જમીનનો અદલા બદલાનો દસ્તાવેજ એકબીજાએ અરસ પરસ કરી આપે–લા અને કબજો અરસ પરસ સોંપી આપેલ. એ વાત ખરી છે કે, એ જ પ્રમાણે મકાનનો અદલો બદલો કરેલ છે અને એકબીજાને કબજો સોંપી આપેલ છે. એ વાત ખરી છે કે, આંક–૩૯ વાળો ચેક મારા બેન્ક ખાતાનો છે તેમાં મારી સહી છે અને ચેકમાં રૂા.૫ લાખ

લખેલ છે. એ વાત ખરી છે કે, ચેક રીટર્ન થયેલ તેની નોટીસ મળેલ કે નહી તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, મને આંક–૭૩ બતાવવામાં આવે છે, એકનોલેજમેન્ટ સ્લીપ જે–માં મારા પત્નીની સહી છે. આંક–૫૫ ના ડયુઅલ સર્ટીફીકેટની નકલ તા.૨૬/૦૯/૨૦૨૪ ના રોજ આપેલ છે જે એસ.બી.આઇ.. તાલાલાનુ નો ડયુઅલ સર્ટીફીકેટ છે. એ વાત ખરી છે કે, આ અદલા બદલાના ૪ કરારો કરેલ છે. એ વાત ખરી છે કે, આ જે ૪ કરારો થયેલા છે તેની અસલ કોપી અમો આરોપી પાસે છે."

(૧૧.૪) આ કામે બચાવપક્ષ તર્ફે આ કામના સાહેદ નાનજીભાઇ શામજીભાઇ કમાણીએ આંક–૬૨ થી સરતપાસનુ સોગંદનામુ રજુ રાખેલ છે. જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, આ કામના પક્ષકારો વચ્ચે ખેતીની જમીનના અદલા બદલાના કરારો થયે–લા તેમજ મકાન અંગેનો વેચાણ કરાર થયેલો જેમાં તેઓ સાક્ષી તરીકે હતા તેમજ તેઓએ આ બંને પક્ષકારો વચ્ચેના સમજુતીના અને મકાન વેચાણના કરારમાં હાજર રહી તેમની વચ્ચે થયેલ કરારમાં નોટરી સમક્ષ હાજર રહી તેઓની સાક્ષી તરીકે સહી કરી આપેલ હતી. આ કામના પક્ષકારો તથા કાનાભાઇ રાણાભાઇ વાળા વચ્ચે તા.૨૬/૦૭/૨૦૧૭ ના રોજ કબજા સાથેનો મકાન વેચાણ અંગેનો કરાર કરવામાં આવેલ હતો. જે કરાર આ કામના પક્ષકારો તથા કાનાભાઇ રાણાભાઇએ તેઓની હાજરીમાં રાજીખુશીથી કરેલો અને નોટરી સમક્ષ આ કરાર કરવામાં આવેલ ત્યારે નોટરી સમક્ષ હાજર રહી આ કામના પક્ષકારોએ કરાર નોંધાવેલ હતો અને તેઓ પક્ષકારોને ઓળખતા હોય જેથી તેમની વચ્ચે થયેલ કરારમાં તેઓ સાક્ષી તરીકે હાજર રહી તેઓની સહી કરી આપેલ હતી. કરાર મુજબ અરજણભાઇ રાણાભાઇ વાળા તથા કાનાભાઇ રાણાભાઇ વાળાએ હરીપુર મુકામેના તેમના પિતાશ્રીએ ખરીદ કરેલ મકાન ભીમશીભાઇ પુંજાભાઇ નંદાણીયાને વેચાણથી આપવાનો કરાર કરેલ હતો અને તે સમયે મકાનની કિંમત રૂા.૫,૫૦,૦૦૦/– પુરા નકકી કરેલ હતી અને તે સમયે ભીમશી–ભાઇએ અરજણભાઇ તથા કાનાભાઇને રકમ રૂા.૫૦,૦૦૦/– પુરા અરજણભાઇ તથા કા–નાભાઇને ચુકવી આપેલ હતી અને બાકીની રકમ રૂા.૫,૦૦,૦૦૦/– પુરા અરજણભાઇ તથા કાનાભાઇ આ મકાન ભીમશીભાઇને દસ્તાવેજ કરી આપે ત્યારે ચુકવી આપવાના હતા અને તે પેટે રકમ રૂા.૫,૦૦,૦૦૦/– પુરાનો એક ચેક ભીમશીભાઇએ અરજણભાઇના નામ જોગનો લખી આપેલ હતો, પરંતુ તેઓને જાણવા મળેલ છે કે, આજ દિવસ સુધી અરજણભાઇએ આ મકાન ટાઇટલ કલીયર કરાવી ભીમશીભાઇના નામ જોગ દસ્તાવેજ કરી આપેલ નથી અને આ સેફટી પેટે આપેલ ચેક રીટર્ન કરાવી ભીમશીભાઇ સામે હાલની ખોટી ફરીયાદ દાખલ કરેલ છે. આ ઉપરાંત જમીનના વેચાણ પેટેનો પણ ભીમશીભાઇએ અરજ–ણભાઇને સેફટીનો ચેક લખી આપેલ હતો. પરંતુ અરજણભાઇએ જમીન ઉપરનો બોજો દુર કર્યા વિના સેફટીનો ચેક રીટર્ન કરાવી ભીમશીભાઇ વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરેલ છે અને બાદમાં ચાલુ ફરીયાદે બેન્કમાં થોડા સમય પહેલા બેન્કની લેણી રકમ ભરી આપેલ છે.

સાહેદની ફરીયાદપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એવી હકીકત જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, આ કામના બંને પક્ષકારોને હું ઓળખુ છુ. એ વાત ખરી છે કે, આ કામના ફરીયાદી તથા આરોપીએ જમીન મકાનનો અદલો બદલો કરેલ છે. એ વાત ખરી છે કે, આ જમીન મકાનના અદલા બદલાના વ્યવહાર પેટે આ કામના આરોપીએ રૂા.પ લાખ મકાન પેટે તથા રૂા.પ લાખ જમીન પેટે ફરીયાદીને ચુકવવાના હતા. એ વાત ખરી છે કે, આ ચુકવવા પેટેની રકમ બાબતે આરોપીએ ફરીયાદીને જમીન–મકાન પેટેના રૂા.પ લાખ – રૂા.પ લાખના બે ચેકો લખી આપેલા. એ વાત ખરી છે કે, આ આપેલા ચેકોમાં આરોપીએ પોતાની સહી કરી ફરીયાદીને આપેલા. આ નોટરીનુ લખાણ કયા સ્થળે અને કોની સમક્ષ થયેલ છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, મને આંક–૬૯ બતાવવામાં આવે છે તે હું વાંચી જણાવુ છુ કે તેમાં કયાંય સીકયુરીટી પેટે આ ચેકો આપેલા છે તેવુ લખેલ નથી. એ વાત ખરી છે કે, ટાઇટલ કલીયર થઇ ગયેલ છે કે કેમ તે હું જાણતો નથી. એ વાત ખરી છે કે, મારે તથા ભીમશીભાઇને સારા સંબંધ છે. એ વાત ખરી છે કે, આંક–૬૯ માં અમો સાક્ષીની તથા બીજા પક્ષકારોની સહીઓ છે. એ વાત ખરી છે કે, હું ભીમશીભાઇ પુંજાભાઇના કહેવાથી જુબાની આપવા આવેલ છુ."

(૧૧.પ) આ કામે બચાવપક્ષ તર્ફે આ કામના સાહેદ જગમાલભાઇ હમીરભાઇ નંદાણીયાએ આંક–૬૩ થી સરતપાસનુ સોગંદનામુ રજુ રાખેલ છે. સદર સાહેદે પોતાના પુરાવામાં આંક–૬૨ થી તપાસવામાં આવેલ સાહેદ મુજબનો જ શબદશ: પુરાવો રજુ કરેલ હોય જેથી અત્રે તેનુ પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

સાહેદની ફરીયાદપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સાહેદે એવી હકીકત જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, આ કામના બંને પક્ષકારોને હું ઓળખુ છુ. આરોપી ભીમશીભાઇ પુંજાભાઇ નંદાણીયા મારા પારીવારીક કાકા થાય છે. એ વાત ખરી છે કે, મારે ભીમશીભાઇ સાથે સારા સંબંધ છે. એ વાત ખરી છે કે, આ કામના ફરીયાદી તથા આરોપીએ જમીન મકાનનો અદલો બદલો કરેલ છે. એ વાત ખરી છે કે, આ જમીન મકાન–ના અદલા બદલાના વ્યવહાર પેટે આ કામના આરોપીએ રૂા.પ લાખ મકાન પેટે તથા રૂા.પ લાખ જમીન પેટે ફરીયાદીને ચુકવવાના હતા. એ વાત ખરી છે કે, આ ચુકવવા પેટેની રકમ બાબતે આરોપીએ ફરીયાદીને જમીન–મકાન પેટેના રૂા.પ લાખ – રૂા.પ લાખના બે ચેકો લખી આપેલા. એ વાત ખરી છે કે, આ આપેલા ચેકોમાં આરોપીએ પોતાની સહી કરી ફરી–યાદીને આપેલા. એ વાત ખરી છે કે, આંક–૬૯ વાળા નોટરી લખાણમાં સીકયુરીટી પેટે ચેક આપેલ છે તેવુ કયાંય લખેલ નથી. એ વાત ખરી છે કે, આ કરારનુ લખાણ થઇ ગયા બાદ નોટરી કરારમાં અમોને સાક્ષી તરીકે સહી કરવાનુ કહેતા સહી કરી આપેલ. એ વાત ખરી છે કે, નો ડયુઅલ સર્ટીફીકેટ આપવામાં આવે તો આરોપીએ ચેકના નાણાં ચુકવી આપવા પડે. એ વાત ખરી છે કે, આંક–૬૯ વાળા નોટરી લખાણના કરારમાં એવુ લખેલ નથી કે સેફટી

પેટે ચેકો આપેલા હોય. એ વાત ખરી છે કે, ભીમશીભાઇ અમારા સગા થતા હોય તેમના કહેવાથી હું જુબાની આપવા નામદાર કોર્ટમાં આવેલ છુ."

(૧૧.૬) આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામે ફરીયાદવાળો ચેક આંક–૧૯ થી આરોપીના ખાતામાં ન હતો કે આંક–૩૯ વાળા ચેકમાં આરોપીની સહી ન હતી તેવો કોઈ બચાવ પક્ષ આરોપી પક્ષ દ્વારા લેવામાં આવેલ નથી અને ફરીયાદવાળો ચેક આરોપીના ખાતાનો જ અને આરોપીની સહી વાળો હોવાની હકીકત અન્વયે આરોપી તરફે દેવુ અને જવાબદારી અદા કરવા ચેક આપેલ હોવાનું ફલિત થાય છે. વધુમાં આ કામે જે કરાર રજુ કરવામાં આવેલ છે તે કરાર જોતા પણ સદરહુ ચેક હાલના આરોપી દ્વારા ફરીયાદીને આંક–૩૯ વાળો આપવામાં આવેલ છે તેજ ચેક છે. આમ, આંક–૩૯ વાળા ચેક મુજબની રકમ ફરીયાદીની આરોપી પાસે કાયદેસરની લેણી નીકળતી હોવાનુ રેકર્ડ પરના પુરાવાથી સ્પષ્ટ જણાય આવે છે.

વધુમાં આ કામે આરોપી દ્વારા એવો બચાવ લેવામાં આવેલ છે કે, કરાર મુજબ ટા–ઈટલ ક્લીયર કરીને સદરહુ ચેકની રકમ વટાવવાની હતી પરંતુ ફરીયાદી દ્વારા કરવામાં આવેલ નથી તેમજ ફરીયાદીની જમીન પરનુ લેણુ હતુ જે ફરીયાદી દ્વારા ઉલટ તપાસમાં સ્વિકારવામાં આવેલ છે. અને ઉલટ તપાસમાં જણાવેલ છે કે, " એ વાત ખરી છે કે, મારે આરોપીને નો–ડ્યુ સર્ટીફીકેટ બેંકમાંથી મેળવી આરોપીને આપવાનું હતુ જે મેં આજદિન સુધી આપેલ નથી." આમ, ફરીયાદી દ્વારા તે હકીકતનો સ્વીકાર કરવામાં આવેલ છે પરંતુ ફરીયાદીની ઉલટ તપાસ જોવામાં આવે તો આરોપીના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસમાં ફરી–યાદી દ્વારા તે હકીકત જણવવામાં આવેલ છે કે, " એ વાત ખરી છે કે, આ કરાર મુજબ મારે ખેતીની જમીનનું દસ્તાવેજ આરોપીને કરી આપવાનું હતુ અને આરોપીએ ખેતીની જમીનનું દસ્તાવેજ અમો ફરીયાદીને કરી આપવાનું હતુ. તેમજ એ વાત ખરી છે કે, મારી માલીકીના મકાનનુ દસ્તાવેજ મારે આરોપીને કરી આપવાનો હતો અને આ કરાર વખતે આરોપીએ અમો ફરીયાદીને બે ચેક આપેલા હતા . આમ, ફરીયાદી ઉલટ તપાસ ઉપરથી એ હકીકત સાબીત થાય છે કે, આરોપીએ ફરીયાદીને ચેક આપેલા છે તેમજ ફરીયાદીની જમીનનો દસ્તાવેજ આરોપીને કરી આપવાનો હતો જે પેટે આરોપી દ્વારા હાલનો ચેક આપવામાં આવેલો.આમ, આરોપીનો હાલનો બચાવ ટકવા પાત્ર નથી.

વધુમાં, આરોપી દ્વારા એવો બચાવ લેવામાં આવેલ છે કે, સદરહુ ચેક વ્યવહાર પુરો થયે ચેક સીક્યુરીટી પેટે આપેલો અને ફરીયાદીએ તે હકીકતનો સ્વીકાર કરેલો છે. પરંતુ સદરહુ તમામ ચાર કરાર જોતા તેમાં સીક્યુરીટી પેટે આપેલ હોય તેવો કોઈ ઉલ્લેખ નથી અને તે હકીકત આરોપીના સાહેદની ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, " એ વાત ખરી છે કે, મને આંક–૬૯ બતાવવામાં આવે છે તે હું વાંચીને જણાવવુ છુ કે તેમાં ક્યાંય સીક્યુરીટી પેટે આ ચેકો આપેલા હોય તેવુ લખેલુ નથી."

વધુમાં, આરોપી દ્વારા એવો બચાવ લેવામાં આવેલ છે કે, ફરીયાદી દ્વારા કરારનુ પાલન થયેલ ન હોય જેથી આરોપી દ્વારા આપવામાં આવેલ ચેક કાયદેસરનુ લેણુ ના હોય પરંતુ આ તબક્કે બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતા ફરીયાદીની જમીન આરોપીના વેંચાણ દસ્તાવેજથી કરી આપેલ હોવાનુ જણાવેલ છે તેમજ આરોપીએ પણ તે હકીકત સ્વીકારેલ છે કે, ફરીયાદી દ્વારા તા.૨૫/૦૭/૨૦૧૭ ના રોજ તેની જમીન આરોપીને વેંચાણ દસ્તાવેજ થી આરોપીના નામે કરી આપેલી અને તે જમીનનો કબ્જો પણ આરોપી પાસે છે. ફક્ત, રેવન્યુ રેકર્ડમાં બોજો હોવાથી આરોપીનું કાયદેસરનુ લેણું ન હોય તે હકીકત માનવાને પાત્ર નથી. વધુમાં, આ કામે ફરીયાદ તેમજ આરોપીની જમીન અદલા બદલી કરેલ હોય તેમજ એકબીજાના વેંચાણ દસ્તાવેજ પણ એકબીજાના નામે કરી આપેલ હોય તેમજ કબ્જો પણ સોંપી આપેલ હોય ત્યારે તમામ કરાર તેમજ તેઓની મૌખિક રજુઆત મુજબની વિગતે બચાવપક્ષ ફરીયાદપક્ષના પુરાવાનુ ખંડન કરવામાં નિષ્ફળ નીવડેલ છે. જેથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૯ અન્વયે ફરિયાદીની તરફેણમાં થઈ શકે તે મુજબના પ્રિઝમ્પશન અન્વયે વિરુધ્ધ ખંડનાત્મક પુરાવા રજુ કરી ખંડન કર–વામાં આરોપી પક્ષ નિષ્ફળ રહેલ છે જેથી આરોપીનો સદર બચાવ માનલાયક જણાય આવતો નથી.

(૧૧.૭) વધુમાં ઉપરોકત કેસની હકીકતો અને સંજોગો ધ્યાને લેતા હાલના કેસ સાથે નીચે મુજબના વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ માર્ગદર્શક સિધ્ધાંત ધ્યાને લેતા તેમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા તેમના <u>*હિતેન પી. દલાલ વિરૂધ્ધ બ્રતિન્દ્રનાથ બેનેર્જી, (૨૦૦૧) ૬ એસ.સી.સી.૧૬*</u> ના ચુકાદા ના પેરા ૨૨ તથા ૨૩ ધ્યાને લેતા

- <u>"22. Because both Sections 138 and 139 require that the Court `shall presume' the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, ..., it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption has been established. It introduces an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused (...). Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the court may presume a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the</u>

<u>prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable probability of the non−existence of the presumed fact.</u>

- <u>23. In other words, provided the facts required to form the basis of a presumption of law exists, the discretion is left with the Court to draw the statutory conclusion, but this does not preclude the person against whom the presumption is drawn from rebutting it and proving the contrary. A fact is said to be proved when, after considering the matters before it, the Court either believes it to exist, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists. Therefore, the rebuttal does not have to be conclusively established but such evidence must be adduced before the Court in support of the defence that the Court must either believe the defence to exist or consider its existence to be reasonably probable, the standard of reasonability being that of the prudent man."</u>

ઉપરોકત ચુકાદો ઘ્યાને લેતા તેમાં નામ. સુપ્રિમકોર્ટ ઘ્વારા એવુ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે તકરારી ચેકો આરોપીએ તેમના કાયદેસરના દેવા પેટે આપેલ ન હતા તેવો માનવાલાયક અને પ્રતિતીજન્ય પુરાવો રેકર્ડ ઉપર લાવવાની જવાબદારી આરોપી ઉપર રહેલી છે અને માત્ર ઉલટતપાસમાં કરેલા સુચનો પુરતા નથી. જેથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ−૧૩૯ ના અનુમાનનું ખંડન થઈ શકતું નથી.

વધુ માં, નામદાર સુપ્રિમ કોર્ટ ઘ્વારા માં <u>*રોહીતભાઈ જીવનલાલ પટેલ વિરૂઘ્ઘ સ્ટેટ ઓફ ગુજરાત એન્ડ અઘર્સ, ક્રિમીનલ અપીલ નં.૫૦૮/૨૦૧૯ ના તા.૧૫−૦૩−૨૦૧૯*</u> ના ચુકાદા માં જણાવેલ છે કે,

- <u>“14. So far the question of existence of basic ingredients for drawing of presumption under Sections 118 and 139 the NI Act is concerned, apparent it is that the accused−appellant could not deny his signature on the cheques in question that had been drawn in favour of the complainant on a bank account maintained by the accused for a sum of Rs. 3 lakhs each. The said cheques were presented to the Bank concerned within the period</u>

of their validity and were returned unpaid for the reason of either the balance being insufficient or the account being closed. All the basic ingredients of Section 138 as also of Sections 118 and 139 are apparent on the face of the record. The Trial Court had also consciously taken note of these facts and had drawn the requisite presumption. Therefore, it is required to be presumed that the cheques in question were drawn for consideration and the holder of the cheques i.e., the complainant received the same in discharge of an existing debt. The onus,therefore, shifts on the accused−appellant to establish a probable defense so as to rebut such a presumption.

*15. In Rangappa v. Sri Mohan : (2010) 11 SCC 441, this Court has reiterated and summarized the principles relating to presumptions under Sections 118 and 139 of the NI Act and rebuttal thereof in the following:-*

- "26. In the light of these extracts, we are in agreement with the respondent claimant that the presumption mandated by Section139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it is based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a rebuttal presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the complainant.
- 27. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the re−buttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a

civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the defendant-accused cannot be expected to discharge an unduly high standard of proof.28. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of"preponderance of probabilities". Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own."

- 16. On the aspects relating to preponderance of probabilities, the accused has to bring on record such facts and such circumstances which may lead the Court to conclude either that the consideration did not exist or that its non-existence was so probable that a prudent man would, under the circumstances of the case, act upon the plea that the consideration did not exist. This Court has, time and again, emphasized that though there may not be sufficient negative evidence which could be brought on record by the accused to discharge his burden, yet mere denial would not fulfil the requirements of rebuttal as envisaged under Section 118 and 139 of the NI Act. This court stated the principles in the case of Kumar Exports (supra) as follows:
- "20. The accused in a trial under Section 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The

accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debtor liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the non−existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt,apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record forgetting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non−existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability,the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arising under Sections 118 and 139.21. The accused has also an option to prove the non−existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once such rebuttal evidence is adduced and accepted by the court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant and, therefore, the presumptions under Sections118 and 139 of the Act will not again come to the complainant's rescue."

ઉપરોકત ચુકાદા માં નામ. સુપ્રિમ કોર્ટ ધ્વારા સ્પષ્ટ રીતે જણાવેલ છે કે આરોપી એ આપેલો ચેક ફરીયાદી ને કયા કારણોસર આપેલો તે સાબિત કરવાની જવાબદારી આરોપીની છે અને જો આરોપી વ્યાજબી શંકાથી પરે સાબિત ન કરી શકે તો તે હકીકતનું તેની વિરૂધ્ધ માં અનુમાન કરવા માં આવશે.

વધુ માં, નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા માં *એમ. અબ્બાસ હાજી વિરૂધ્ધ ટી.એન.ચન્નાકેશવા, ક્રિમીનલ અપીલ નં.૬૬૪/૨૦૧૨ ના તા.૧૯-૦૯-૨૦૧૯* ના ચુકાદા માં જણાવેલ છે કે,

- "It is urged before us that the High Court over-stepped the limits which Appellate Court is bound by criminal cases setting aside an order of acquittal. Proceedings under Section 138 of the Act are quasi-criminal proceedings. The principles, which apply to acquittal in other criminal cases, cannot apply to these cases. As far as the present case is concerned, in addition to three reasons, given by the High Court, we are of the view that the original appellant has not even explained how the leaves of the cheque entered into the hands of the complainant. It is urged that in cross-examination of the complainant some suggestions were made that since the complainant was visiting the office of the original appellant, he had access to the same. The complainant had only admitted that he visited the office of the original appellant but he denied all the other suggestions. Thereafter, it was for the original appellant to prove his part of the case. "

ઉપરોકત ચુકાદા માં નામ. સુપ્રિમકોર્ટ ધ્વારા સ્પષ્ટ રીતે જણાવેલ છે કે આરોપીએ સહી કરી આપેલો ચેક ફરીયાદી પાસે કેવી રીતે ગયો તે સાબિત કરવા ની જવાબદારી આરોપીની છે અને જો આરોપી વ્યાજબી શંકાથી પરે સાબિત ન કરી શકે તો તે હકીકતનું તેની વિરૂધ્ધ માં અનુમાન કરવામાં આવશે.

વધુમાં તાજેતર માં નામ. સુપ્રિમકોર્ટ ધ્વારા *કે.એસ.રંગાનાથા વિ. વિટ્ટલ શેટ્ટી, ક્રિમીનલ અપીલ નંબર:-૧૮૬૦/૨૦૧૧ ના તા.૦૮-૧૨-૨૦૨૧* ના ચુકાદા માં જણાવેલ છે કે,

- 10. It would also be apposite to take note of a decision in Triyambak S. Hegde vs. Sripad in Criminal Appeal Nos.849-850 of 2011 dated 23.09.2021 wherein it was observed as hereunder:-

- "12. Insofar as the payment of the amount by the appellant in the context of the cheque having been signed by the respondent, the presumption for passing of the consideration would arise as provided under Section 118(a) of N.I. Act which reads as hereunder: –
- "118. Presumptions as to negotiable instruments – Until the contrary is proved,the following presumptions shall be made:
- (a) of consideration – that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration."
- 13. The above noted provisions are explicit to the effect that such presumption would remain, until the contrary is proved. The learned counsel for the appellant in that regard has relied on the decision of this court in K. Bhaskaran vs. Sankaran Vaidhyan Balan & Anr. (1999) 7 SCC 510 wherein it is held as hereunder:
- "9. As the signature in the cheque is admitted to be that of the accused, the presumption envisaged in Section 118 of the Act can legally be inferred that the cheque was made or drawn for consideration on the date which the cheque bears. Section 139 of the Act enjoins on the Court to presume that the holder of the cheque received it for the discharge of any debt or liability. The burden was on the accused to rebut the aforesaid presumption. The Trial Court was not persuaded to rely on the interested testimony of DW-1 to rebut the presumption. The said finding was upheld by the High Court. It is not now open to the accused to contend differently on that aspect."
- 14. The learned counsel for the respondent has however referred to the decision of this Court in Basalingappa vs. Mudibasappa (2019) 5 SCC 418 wherein it is held as hereunder: –
- "25. We having noticed the ratio laid down by this Court in the above cases on Sections 118 (a) and 139, we now summarise the principles enumerated by this Court in following manner:
- 25.1. Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that

the cheque was for the discharge of any debt or other liability.

- 25.2. The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderanc eofprobabilities.
- 25.3. To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or the accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.
- 25.4. That it is not necessary for the accused to come in the witness box in support of his defence, Section 139 imposed an evidentiary burden and not a persuasive burden.
- 25.5. It is not necessary for the accused to come in the witness box to support his defence."
- 11. The position of law as noted above makes it crystal clear that when a cheque is drawn out and is relied upon by the drawee, it will raise a presumption that it is drawn towards a consideration which is a legally recoverable amount; such presumption of course, is rebuttable by proving to the contrary. The onus is on the accused to raise a probable defence and the standard of proof for rebutting the presumption is on preponderance of probabilities."

ઉપરોકત ચુકાદા માં નામ. સુપ્રિમ કોર્ટ ધ્વારા એવુ જણાવવા માં આવેલ છે કે જયારે આરોપી એ પોતાની સહી વાળો ચેક ફરીયાદી ને આપ્યો ત્યારે એવુ માની લેવુ પડે કે આરોપી એ તે ચેક તેના કાયદેસર ના લેણા પેટે આપેલો છે. સિવાય કે આરોપી તરફે એ હકીકત નું ખંડન કરતો કોઈ પુરાવો રજુ કરવા માં આવે. તે પુરવાર કરવા ની સાબિતી નો બોજો આરોપી ઉપર રહેલો છે. જયાં સુધી આરોપી પુરવાર ન  કરે ત્યા સુધી તેનુ અનુમાન ફરીયાદી ના એટલે કે ચેક સ્વીકારનાર ના પક્ષ નુ કરવા નુ રહે છે.

(૧૧.૮) વધુમાં આ કામે નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા આપવામાં આવેલ *ઓરીએન્ટલ બેંક ઓફ કોમર્સ વિ. પ્રબોધકુમાર તિવારી, ક્રીમીનલ અપીલ નં.*

૧૨૬૦/૨૦૨૨, તા. ૧૬-૦૮-૨૦૨૨ ના ચુકાદાના પેરા નં. ૧૫ તથા ૧૬ માં જણાવેલ છે કે,

- 15. A drawer who signs a cheque and hands it over to the payee, is presumed to be liable unless the drawer adduces evidence to rebut the presumption that the cheque has been issued towards payment of a debt or in discharge of a liability. The presumption arises under Section 139.
- 16. In Anss Rajashekar v. Augustus Jeba Ananth, (2020) 15 SCC 348 a two Judge Bench of this Court, of which one of us (D.Y. Chandrachud J.) was a part, reiterated the decision of the three-Judge Bench of this Court in Rangappa v. Sri Mohan, (2010) 11 SCC 441 on the presumption under Section 139 of the NI Act. The court held:
- 12. Section 139 of the Act mandates that it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received it, in discharge, in whole or in part, of a debt, or liability. The expression "unless the contrary is proved" indicates that the presumption under Section 139 of the Act is rebuttable. Terming this as an example of a "reverse onus clause" the three-Judge Bench of this Court in Rangappa held that in determining whether the presumption has been rebutted, the test of proportionality must guide the determination. The standard of proof for rebuttal of the presumption under Section 139 of the Act is guided by a preponderance of probabilities. This Court held thus:
- 28. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of "preponderance of probabilities". Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own." (emphasis supplied)''

ઉપરોકત ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા એવું જણાવેલ છે કે, જયાં સુધી આરોપી તરફે એવું સાબીત કરવામાં ન આવે કે સદરહું ચેક આરોપી દ્વારા ફરિયાદીને આપવામાં આવેલો છે અને ચેક ઉપર આરોપીની સહી નથી ત્યાં સુધી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૩૯ મુજબનુ અનુમાન ફરિયાદીની તરફેણમાં કરવાનું રહે છે.

આમ, ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો આરોપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ અન્વયે કરવામાં આવતાં અનુમાનનું કોઈ પણ રીતે ખંડન કરી શકેલા નથી. આરોપી તરફે એવો કોઈ બચાવ લેવા માં આવેલ નથી કે આરોપી તરફે ફરીયાદી ની હકીકતો નું ખંડન કરતો કોઈ પુરાવો રજુ કરવા માં આવેલ નથી. જેથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૩૯ અન્વયે કરવામાં આવતાં અનુમાન ફરીયાદી ની તરફેણ માં કરવુ ન્યાયી અને ઉચિત જણાય છે. તેથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ- ૧૩૮ મુજબનો શિક્ષાાપાત્ર ગુનો કરેલ છે જેથી મુદૃા નં.૧ નો જવાબ ''**હકારમાં**'' ઠરાવી આ કામના આરોપીએ વટાઉખત અધિનિયમ ૧૮૮૧ ની કલમ-૧૩૮ અન્વયે સજાને પાત્ર ગુન્હો કર્યો હોઈ તે સબબ તેને તકસીરવાન ઠરાવું છું. હાલના કેસમાં સમન્સ ટ્રાયબલ મુજબ કેસની ઈન્સાફી કાર્યવાહી કરેલ હોઈ ક્રિ.પ્રો.કો.ક. ૨૫૫(૨) અન્વયે, આરોપીને જો ક.૩૨૫ અને ૩૬૦ મુજબ કાર્યવાહી ન કરવાની હોય ત્યારે કાનુન અનુસાર સજા કરવાની હોય છે. જેથી કલમ ૨૫૫(૨) માં આરોપીને સજા અંગે સાંભળવાની જોગવાઈ કરવામાં આવેલી નથી. આથી આરોપીને સજા માટે સાંભળવાની જરૂરીયાત રહેતી નથી, પરંતુ આરોપીની સારી વર્તણૂંકની અજમાયશનો કોઈ ઠપકો આપી મુકત કરવાનું યોગ્ય છે કે કેમ? તે ક્રિ.પ્રો.કો. ક.૩૬૦ અન્વયે નકકી કરવાનું રહે છે. વટાઉખત અધિ.૧૮૮૧ ના કાયદાનો ઉદેશ ઝડપથી બદલાતા વ્યાપારીક અને આર્થિક પરિવેશમાં નાણાંનું આદાનપ્રદાન માટેનો છે. વ્યવહારમાં વિશ્વાસ અને ધંધાની લેવડદેવડમાં આસ્થાનો છે જેથી તેનો ગેરલાભ અને દુરુપયોગ અટકાવવા માટેના પગલાં લેવાની કોર્ટની પ્રમાણિક ફરજ છે, જેથી ચેકથી થતા તમામ વ્યવહારોને સુરક્ષિત કરી શકાય. આમ જો ક્રિ.પ્રો.કોડની કલમ-૩૬૦ અન્વયે કે પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ ૧૯૫૮ ની કલમ ૩, ૪ અન્વયે આરોપીને લાભ આપવામાં આવે તો કાયદાનો હેતુ સિધ્ધ ન થઈ શકે જેથી એવો લાભ આરોપીને આપવો જોઈએ નહિ તેવું આ કોર્ટનું દૃઢ પણે માનવું છે. જેથી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયાના વિશાળ હીતમાં નમ્રપણે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

.**<u>-:: આખરી હુકમ ::-</u>**

૧. આ કામના આરોપી ભીમશીભાઈ પુંજાભાઈ નંદાણીયા, રહે. હરીપુર, તા.મેંદરડા, જી.જુનાગઢ વાળાને કિ.પ્રો.કો. ક.૨૫૫(૨) અન્વયે વટાઉખત અધિ.૧૮૮૧ ની કલમ-૧૩૮, ૧૪૨ અન્વયે દોષિત ઠરાવી ૧(એક) વર્ષની સાદી કેદની સજાનો આથી હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે આરોપી ભીમશીભાઈ પુંજાભાઈ નંદાણીયા નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૫૭ અન્વયે ફરીયાદીને આપેલ ચેક રકમ રૂા. ૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિાય પાંચ લાખ પુરા) ના દોઢ ગણા એટલે કે રૂા. ૭,૫૦,૦૦૦/-( અંકે રૂપિસા સાત લાખ અને પચાસ હજાર પુરા) વળતર પેટે ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીએ વળતરની રકમ હુકમની તારીખથી દિન-૩૦ માં અદાલતમાં જમા કરાવવી.જો આરોપી વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીએ વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા અલગથી ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

૩ આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૩૬૩(૧) ની જોગવાઈ મુજબ સદર હુકમની એક નકલ તેઓને વિના મુલ્યે આપવી.

આ હુકમ આજ રોજ તા.૨૫/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યા.

તા. ૨૫/૦૩/૨૦૨૬
તાલાલા

**(પી.એન.જાડેજા)**
**કોડ નં. જીજે . ૦૧૭૩૩**
જ્યુડી.મેજી.ફ.ક., તાલાલા.